ઇ-મેઇલ દ્વારા

**પ્રતિ** - ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. બ્લોક નં.૧, આઠમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર

**જાણ** - પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર.

**પ્રેષક** - પોલીસ અધિક્ષક ભાવનગર.

**ક્રમાંક** - કોમ્પ્યુટર શાખા/સાફલ્ય ગાથા/૪૫૫/૨૨, તા.૦૮/૦૮/૨૦૨૨

**આધાર** - અ.પો.મહા.શ્રી, એસ.સી.આર.બી., ગુ.રા., ગાંધીનગરના મેસેજ ક્રમાંકઃએસસીઆરબી/પોલીસ સાફલ્યગાથા/૧૪૩/૨૦૧૨, તા.૦૪/૦૭/૨૦૧૨ અન્વયે.

**વિષય** - વેબસાઇટ અપડેટ કરવા સાફલ્ય ગાથાની માહિતી મોકલ્યા બાબત.

સવિનય જય ભારત સાથ આપશ્રીની કચેરીના ફેકસ મેસેજ ક્રમાંક સીસી/કોન્સોલ/૫૮૦/૨૦૧૨ તા.૨૩/૦૫/૨૦૧૨ અન્વયે ભાવનગર જીલ્લાની સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે વેબ સાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

નીચે જણાવ્યા મુજબનાં મુદ્દાની કામગીરી તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૦૭/૦૮/૨૦૨૨ સુધીમાં પોલીસ વિભાગનાં દરેક અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ સારી કામગીરી (સાફલ્ય ગાથા) ની હકીકત અત્રેના જીલ્લાની સામેલ પત્રક મુજબ છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

૧. કોઇ ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા/અટકાવવાની કામગીરી.

૨. ખોવાયેલ/વિખુટા પડેલ બાળક, મહિલા કે વૃધ્ધને વાલી વારસને સોંપેલ હોય.

૩. મહિલા, બાળકો તથા વૃધ્ધોને પરેશાની કે હેરાનગતિના બનાવોથી બચાવેલ હોય.

૪. બાળ શોષણના કેસો શોધી કાઢયા હોય.

૫. કોઇ મોટા પ્રમાણમાં વિસ્ફોટક પદાર્થ, હથિયારો, માદક દ્રવ્યોના કેસો શોધી કાઢેલ હોય.

૬. કોઇ ત્રાસવાદી/નકસ્લવાદી પ્રવૃતિ અટકાવેલ હોય/શોધી કાઢેલ હોય.

૭. કોઇ ગામ કે વિસ્તાર પોલીસના સમજાવટનાં પ્રયાસોથી વ્યસન મુકત બનેલ હોય.

૮. કોઇ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને આર્થિક તથા અન્ય રીતે મદદરૂપ થવાની કામગીરી કરેલ હોય.

૯. કોઇ પણ પ્રસંગ હોય અને પોલીસે પ્રજા માટે સારી કામગીરી કરેલ હોય.

૧૦. પોલીસની કામગીરીમાં પ્રજાએ પણ સહકાર આપ્યો હોય.

૧૧. કોઇ બીમારીથી પિડાતા દર્દીને પોલીસે કોઇ પણ રીતે મદદરૂપ થયેલ હોય.

૧૨. કોઇ ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીને બ્લડની જરૂરીયાત હોય અને તે જરૂરીયાત પોલીસના માણસો દ્વારા પુરી પાડવામાં આવેલ હોય.

૧૩. સીનીયર સીટીઝનને પોલીસ દ્વારા સુરક્ષીત કરવા મદદ કરવામાં આવેલ હોય.

૧૪. કોઇ સમયે અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ કે કુદરતી હોનારત દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા બચાવ કે આશ્રય આપવાની કામગીરી કરવામાં આવેલ હોય.

૧૫. પોતાનાં સંતાનો દ્વારા તરછોડાયેલ માતા-પિતાને પોલીસ દ્વારા તેમનાં સંતાનોને સમજાવી વૈમનસ્ય/ધૃણા દુર કરી, સંયુકત કુટુંબમાં રહેવાની ભાવના કેળવવા સમજાવવાની કામગીરી કરેલ હોય.

**( એ.એમ.સૈયદ )**
I/C નાયબ પોલીસ અધિક્ષક
મુખ્ય મથક અને નોડલ ઓફીસર
ભાવનગર

સરકારશ્રી દ્વારા લોન્ચ કરવામાં આવેલ **eFIR** બાબતે આજરોજ ભાવનગર પોલીસ દ્વારા અટલ ઓડીટોરીયમ હોલ, ભાવનગર ખાતે એવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવેલ..










# ભાવનગર જિલ્લા પોલીસ

## મગજની અસ્થિરતાના કારણે પરિવાર થી વિખુટા પડી ગયેલ વૃધ માતાનું પરિવાર સાથે મિલન કરાવતી ભાવનગર પોલીસ

આજ રોજ ખાખરિયા (કુભણ) ગામના સરપંચ શ્રી. સંજયભાઈ હિંગુએ પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશન ના હેડ.કોન્સ. દેવાભાઈ રાજાભાઈ ને પોતાના. ગામમાં અજાણી સ્ત્રી મંદિર વિસ્તારમાં આવેલ હોવાની જાણ કરાતા હે.કો. દેવાભાઈ રાજાભાઈ તથા પો.કો. વિક્રમસિંહ જીલુભા, ખાખરિયા ગામે જઈ તપાસ કરતા આ વૃદ્ધ સ્ત્રી માનસિક બીમાર આને ભુખ્યા હોવાનું અને પોતાનું ઘર-પરિવાર બાબતે ચોક્કસ માહિતી ધરાવતા નહોવાનુ, જણાતા  તેઓ માટે ભોજનની વ્યવસ્થા કરી, ગામના સરપંચશ્રી ના માતુશ્રી ની મદદથી પારિવારિક હુંફ બતાવી માહિતી મેળવતા પોતાનું નામ કમુબેન રહે. ઓઢવ-હારિજના હોવાનું જણાવતા, હારીજ પોલીસ સ્ટેશન નો સંપર્ક કરી, તપાસ કરતા ""ઓઢવ"" નહીં પણ ""સોઢવ"" ગામ હોવાનુ આને ગામના આગેવાન અમરાભાઇ ગોવાભાઈ દેસાઈ નો સંપર્ક મેળવી, વિગત જણાવતા તેઓ આ વૃદ્ધ માતાના પૌત્ર આશારામ વ્સતાજી ઠાકોર રહે.સોઢવ સાથે પાલિતાણા રૂરલ પોલીસ સ્ટેશન આવતાં આજરોજ વૃદ્ધ માતાના પૌત્ર સાથે મિલન થતાં આંખમાં આશુ વહેવા લાગેલ.આમ, પોલીસ કર્મચારીઓ દ્વારા પોતાની સમાજ પ્રત્યેની માનવિય ફરજ બજાવી "પોલીસ પ્રજાનો મીત્ર" હોવાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડેલ છે.

SP BHAVNAGAR   sp_bhavnagar   SPBhavnagar   www.spbhavnagar.gujarat.gov.in